તા. 13-10-2024
સમય : સવારે 7.10

# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 13-10-2024 સવારે : 7.10 થી 7.20

વાર : રવિવાર પ્રાદેશિક સમાચાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા.... પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

.................................................................................

1) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનો પ્રારંભ કરાવ્યો.**
2) **રાજ્યની પહેલી સહકારી સુપર માર્કેટ ગુજકો માર્ટનો અમદાવાદમાં પ્રારંભ.**
3) **રાજ્યભરમાં ગઈકાલે દશેરા પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ. - અનેક સ્થળોએ રાવણદહનના કાર્યક્રમો યોજાયા.**
4) **મહેસાણાના કડીમાં ગઈકાલે એક કંપનીની દિવાલ ધસી પડતા નવ મજૂરોનાં મોત - પ્રધાનમંત્રીએ મૃતકોના વારસદારને બે-બે લાખ, જ્યારે મુખ્યમંત્રીએ ચાર-ચાર લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી.**
5) **હવામાન વિભાગે અરબી સમુદ્રમાં સર્જાયેલી સિસ્ટમના પગલે રાજ્યના કેટલાંક જિલ્લામાં બે દિવસ વરસાદની શક્યતા વ્યક્ત કરી.**

.................................................................................

# Ahmedabad shopping festival cm

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે 'અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ'નો ભવ્ય પ્રારંભ કરાવ્યો છે. આ પ્રસંગે તેમણે ખરીદી મહોત્સવને લગતી ફિલ્મનું લોન્ચિંગ કર્યું હતું. તેમણે વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈ ખરીદી કરી ડિજિટલ ચુકવણી કરી હતી.

તા. 13-10-2024

સમય : સવારે 7.10

અમદાવાદ મહાનગર પાલિકા અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ મહોત્સવ ૧૨મી ઓકટોબરથી 14મી જાન્યુઆરી 2025 સુધી ચાલશે.આ શોપિંગ ફેસ્ટિવલ 4 મુખ્ય શોપિંગ ડિસ્ટ્રિક્ટ - સિંધુ ભવન રોડ, સીજી રોડ રોડ, નિકોલ મોડર્ન સ્ટ્રીટ, અને કાંકરિયા રામબાગ રોડ ઉપરાંત નિયત કરાયેલા 14 સ્થળોએ યોજાઇ રહ્યો છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરના વાઇબ્રન્ટ સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરવાનો અને તેની અર્થવ્યવસ્થાને વેગ આપવાનો છે.

ઉલેખનીય છે કે, આ પ્રકારના શોપિંગ ફેસ્ટિવલનો પ્રારંભ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2019માં અમદાવાદ ખાતે કરાવ્યો હતો.

........................................................................................

# GUJ COMAOL STORE

રાજ્યની પહેલી સહકારી સુપર માર્કેટ ગુજકો માર્ટનો અમદાવાદમાં પ્રારંભ થયો છે. ગુજરાત કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન, ગુજકોમાસોલ દ્વારા ગુજરાતના પ્રથમ સહકારી મોલ 'ગુજકો માર્ટ'ને ગઈકાલે ખુલ્લુ મુકાયું હતું.

અમદાવાદના સાયન્સ સિટી રોડ ઉપર શરૂ થયેલા આ સ્ટોરનું ઉદઘાટન ઇફ્કોના ચેરમેન દિલીપ સાંઘાણી તેમજ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકના ચેરમેન અજય પટેલ દ્વારા કરાયું હતું. વિકાસ સપ્તાહ દરમિયાન ગુજરાતમાં સહકારી સુપર માર્કેટ રિટેલ ચેઇનના વિકાસની દિશા ખૂલી છે. આ નવી પહેલે ખેડૂતોની આવક બમણી કરવા માટે સહકારથી સમૃદ્ધિ સાધવાનો, ઓર્ગેનિક ધાન્ય, મીલેટને પ્રોત્સાહન આપવાનો તેમજ આત્મનિર્ભરતાનો રાહ ચીંધ્યો છે. આ સ્ટોરને કારણે ઓર્ગેનિક ફાર્મ પ્રોડક્ટના માર્કેટિંગ અને સેલિંગ માટેનું એક કોમન પ્લેટફોર્મ ગુજકો માર્ટના માધ્યમથી ખેડૂતોને મળ્યુ છે. નાનાં- મોટાં નગરો અને મહાનગરોમાં સારા લોકેશન પર ગુજકો માર્ટ સુપર માર્કેટ શરૂ કરવાનું પણ ગુજકોમાસોલ દ્વારા આયોજન કરાયુ છે.

........................................................................................

તા. 13-10-2024

સમય : સવારે 7.10

# CM -Nimcj collage bhumipujan

મુખ્યમંત્રી  ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે અમદાવાદના નરોડામાં પત્રકારત્વ કૉલેજના મકાનનું ભૂમીપૂજન કર્યું હતું.  આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, પત્રકારત્વ એ લોકશાહીની ઈમારતનો ચોથો સ્તંભ છે. કોઈ પણ ઇમારતના બધા પાયા મજબૂત હોવા જરૂરી છે. ત્યારે લોકશાહીના આ ચોથા સ્તંભની સ્થિરતા અને મજબૂતી અત્યંત આવશ્યક છે. લોકતંત્ર, રાષ્ટ્ર અને સમાજના સજાગ પ્રહરી તરીકે રાષ્ટ્રનિર્માણમાં પત્રકારોની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે તેમ તેમણે જણાવ્યું હતું.

........................................................................................

# MAHESNA DURGHTNA

મહેસાણાના કડી તાલુકાના જાસલપુર ગામની સીમમાં આવેલી સ્ટીલ ઇનોકસ સ્ટેઇનલેસ કંપનીમાં ગઈકાલે માટીની ભેખડ પડતા નવ મજૂરોના મોત થયા છે. જ્યારે એક મજૂરનો બચાવ થયો હતો.

સ્ટીલની કંપનીમાં 20 ફૂટ જેટલી મોટી ટાંકીનુ ચણતરનું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન અચાનક જ આ ઘટના ઘટી હતી. ઘટનાની જાણ થતા જ ફાયરબ્રિગેડ અને પોલીસ ઘટના સ્થળે ધસી ગઇ હતી. નવ મજૂરોના મૃતદહે બહાર કઢાયા હતા.જેમાં એક જ પરિવારના ચાર લોકોના મોત થયા હતા. આ તમામ મજૂરો પંચમહાલ જીલ્લાના રહેવાસી હતી..

દુર્ઘટનાની જાણ થતા જ રાજ્યના મુખ્યમંત્રીએ શોકની લાગણી વ્યક્ત કરીને મૃતકોના વારસદારોને 4-4 લાખની સહાયની જાહેરાત કરી છે. જ્યારે ઇજાગ્રસ્તને પચાસ હજારની જાહેરાત કરી છે. આ દુ:ખદ ઘટનાની માહિતી મળતા જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુખ વ્યક્ત કર્યું હતું.

તા. 13-10-2024

સમય : સવારે 7.10

પ્રધાનમંત્રીએ મૃતકોના વારસદારને બે-બે લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તને પચાસ હજાર રૂપિયા સહાય આપવાની જાહેરાત કરી છે.

....................................................................................

# DASHERA

રાજ્યભરમાં ગઈકાલે દશેરા પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ. લુણાવાડામાં વર્ષો જૂની રાજવી પરંપરા મુજબ  લુણાવાડાના રાજવી દ્વારા સમીના વૃક્ષનું પૂજન કરવા આવ્યું હતું.

અમારા ગાંધીનગરના પ્રતિનિધિ જણાવે છે કે, સેક્ટર-11 ખાતે રાવણ દહન નો કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે  ભવ્ય આતશબાજી અને લેસર શો આયોજન કરવામાં આવ્યું હતું.

અમારા ગીર સોમનાથ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિજયાદશમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર સોમનાથ તીર્થને નિર્મળ રાખનાર સફાઈ કર્મચારીઓને આ પૂજાના યજમાન બનાવ્યા હતા.

તાપીના  વ્યારા નગરના મીંઢોળા નદી ખાતે આવેલ પૌરાણિક મહાકાળી માતાના મંદિરે વિજયાદશમી ઉત્સવનો પરંપરાગત ઐતિહાસિક મેળો યોજાયો હતો. તેવી જ રીતે ખેડા જિલ્લાના નડિયાદ ખાતે  55 ફુટ ઊંચા રાવણના પૂતળાનું  દહન કરાયું હતું અને  ભવ્ય આતશબાજી કાર્યક્રમ યોજાયો હતો . સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે રાવણ દહનનો કાર્યક્રમના પૂર્વે શહેરમાં રામયાત્રા યોજવામાં આવી હતી.

ભાવનગરના જવાહર મેદાન અને માર્કેટિંગ યાર્ડ ખાતે રાવણ દહનના કાર્યક્રમમાં  હજારો નગરજનો ઉમટી પડ્યા હતા. દશેરા નિમિત્તે ભાવનગરમાં પરંપરાગત રીતે શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ અને ભવ્ય બાઇક રેલી યોજાઇ હતી.

....................................................................................

તા. 13-10-2024

સમય : સવારે 7.10

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.**

.........................................................................................

# Botad – Rajput

બોટાદના ઝવેરીજીન ખાતે રાજપૂત ક્ષત્રિયાણીઓ દ્વારા અનોખો તલવાર બાજી રાસ રજૂ કરાયો હતો. 4 વર્ષ દીકરીથી લઈ 40 વર્ષની મહિલાઓ આ તલવાર રાસમાં જોડાયા હતા. અમારા પ્રતિનિધિ જણાવે છે કે, આ રાસનું આયોજન જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી અને જિલ્લા ભાજપ દ્વારા નમો નવરાત્રી મહોત્સવના ભાગરૂપે કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્રીય મંત્રી નિમુંબેન બાંભણીયા અને કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

.........................................................................................

# Local Weather

રાજ્યમાં અનેક વિસ્તારોમાં વરસાદ માહોલ છવાયો છે. હવામાન વિભાગે અરબી સમુદ્રમાં સર્જાલી સિસ્ટમના પગલે રાજ્યમાં બે દિવસ વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર - કચ્છના દરિયાઈ વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે.

તા. 13-10-2024

સમય : સવારે 7.10

અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં બે દિવસ દરમ્યાન મધ્યમ વરસાદ પડવાની આગાહી છે. રાજ્યમાં વાદળછાયા વાતાવરણના કારણે તાપમાનમાં ચાર ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો છે. દરમ્યાન અમદાવાદના કેટલાક વિસ્તારોમાં વહેલી સવારે ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે.

.............................................................................

# RAJKOT- SHAHID SANMAN

ભારતીય સેનામાં અગ્નિવીર તરીકે ફરજ બજાવતા જામકંડોરણા તાલુકાના ગોહિલ વિશ્વરાજસિંહ મહિપતસિંહ ગઈકાલે મહારાષ્ટ્રના દેવલાલી ખાતે શહીદ થતાં તેમના પાર્થિવ દેહને વતન આંચવડ ખાતે વીરોચિત માન સન્માન સાથે અંતિમ વિદાય અપાઈ હતી. અંતિમ દર્શન માટે જામકંડોરણા રજપૂત સમાજ ખાતે તેમના નશ્વર દેહને રાખવામાં આવ્યો હતો. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવીયા, રાજ્યના મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયા સહિત સ્થાનિક ધારાસભ્ય અને અધિકારીઓ તેમજ પૂર્વ સૈનિકોએ તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી. અંતિમયાત્રા બાદ શાસ્ત્રોકત વિધિ અનુસાર તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા.

.............................................................................

# EK PAD MAA KE NAAM

**એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત ગાંધીનગરના રૂપાલ ગામે સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરિયા 5000 વૃક્ષોનાં વાવેતર અભિયાનમાં જોડાયાં. મંત્રી ભાનુબેને આસોપાલવ અને ગરમાળો વૃક્ષનું વાવેતર કરી, અભિયાનનો આરંભ કરાવ્યો હતો.**

તા. 13-10-2024

સમય : સવારે 7.10

**લોકભાગીદારી અને પંચાયતના સહયોગથી રૂપાલની જમીન ઉપર અલગ અલગ 28 જાતનાં વૃક્ષોનાં વાવેતર માટે લીઝ પર આપી છે. આ 5000 વૃક્ષોનું વાવેતર, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, ગાંધીનગરના રૂપિયા સાડા સાત લાખના નાણાકીય સહયોગથી કરાઇ રહ્યું છે.**

.................................................................................

# DAHOD GRAMIN OLYMPICS

દાહોદના દેવગઢ બારિયા ખાતે ગઈકાલે રાજ્ય કક્ષાના કૃષિ અને પંચાયત મંત્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષસ્થાને 19મી ગ્રામીણ ઓલમ્પિક યોજાઇ. ભાઇઓ અને બહેનો માટે વિવિધ કેટેગરીમાં 100 મીટર દોડ, 400 મીટર દોડ, ગોફણ ફેંક, ગીલ્લોલ, તીરંદાજી,લાંબી દોડ રસ્સાખેંચ, ખો-ખો, કબડ્ડી, ગેડી દડો અને સાઇકલ પોલોનો સમાવેશ કરવામાં આવેલ છે.

.................................................................................

# Vadodara- Medical camp

વડોદરા જિલ્લામાં વિકાસ સપ્તાહ ઉજવણી અંતર્ગત જિલ્લા પંચાયત હસ્તકના તમામ ૩૬ દવાખાનાઓમાં આયુષ નિદાન-સારવાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેનો લાભ ૨ હજાર ૩૩૫ નાગરિકોએ લઈ વિવિધ પ્રકારની સારવાર અને નિદાન કરાવ્યું હતું. આ ઉપરાંત વિકાસ શપથ લેવામાં આવ્યા હતા.

.................................................................................

તા. 13-10-2024

સમય : સવારે 7.10

# TAPI- SUGAR FACTORY

તાપીના વ્યારા ખાતે ગઈકાલે દશેરા નિમિત્તે સુગર ફેકટરીમાં નવી સીઝન માટે બોઈલર પ્રજવલ વિધિ કરવામાં આવી હતી. વ્યારા સુગર દ્વારા આવનારી નવી સીઝન માટે 4 લાખ મેટ્રિક ટન શેરડી પિલાણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે વ્યારા સુગરનાં પ્રમુખ માનસિંહ પટેલ તેમજ નિઝરના ધારાસભ્યો, મેનેજીંગ ડિરેકટર સહિત ખેડૂત સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

..............................................................................................

# KUTCH SAKHI MANDAL

ગ્રામ્ય વિસ્તાર મહિલાઓ માટે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજના એટલે કે સખી મંડળ અમલમાં મુકવામાં આવી છે. જે અંતર્ગત કચ્છ જિલ્લામાં કુલ 7 હજારથી વધુ સખી મંડળ રચના ગ્રામ્ય વિસ્તારમાં થયેલી છે.

આ ઉપરાંત, મહિલાઓને દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના, KVK, આત્મા વગેરે જેવી સંસ્થા મારફતે મફતમાં તાલીમ આપવામાં આવે છે અને ત્યારબાદ તેમને આર્થિક પગભર બનાવવામાં આવે છે.  અત્યારસુધી 5 હજાર 540 જેટલા મંડળોને બેંક દ્વારા કેશ ક્રેડીટ ધિરાણ મળેલા છે. કચ્છ જિલ્લાની મોટાભાગની બહેનો હસ્તકલા કારીગરી સાથે જોડાયેલી છે જે માટે મિશન મંગલમ યોજના મારફતે સરસ મેળા, રણ ઉત્સવ જેવા અનેક મેળાનું આયોજન પણ કરવામાં આવે છે છે. જે મેળા દરમિયાન બહેનોને સારી એવી આવક થઇ રહી છે.

..............................................................................................